ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

શનિવાર ૨૭ એપ્રિલ, ૨૦૨૪



પેટલાદના પાળજ ગામમાં નાના ભાઇના પત્ની સાથે આડોસંબંધ ધરાવતા શખ્સને ઘર પાસે બેસી ન રહેવા ઠપકો આપ્યો હતો

# પેટલાદમાં આડાસંબંધમાં આડખીલી જેઠની હત્યા

**પાળજ ગામમાં** રહેતા શખ્સને ઠપકો આપતાં લાકડીનો ફટકો માથામાં મારી હત્યા કરી

(પ્રતિનિધિ) પેટલાદ તા.26

પેટલાદના પાળજ ગામમાં રહેતા ત્રણ ભાઈના પરિવારમાં એક ભાઈની હત્યાનો બનાવ બન્યો છે. નાના ભાઈના પત્નીને ગામના જ શખ્સ સાથે આડોસંબંધ બંધાયો હતો. જેની ચાલતી અદાવતમાં સામેવાળા શખ્સે લાકડીના દંડાથી વચેટ ભાઈટને માથામાં ફટકો મારતાં તેનું મોત નિપજ્યું હતું. આ અંગે પેટલાદ પોલીસે ગુનો નોંધી હત્યારાની ધરપકડ કરી હતી.

પેટલાદના પાલજ ગામના સુણાવ રોડ પર રહેતા શૈલેષ સોમાભાઈ પરમાર, તેમનાથી નાનો મહેશભાઈ અને સૌથી નાનો પ્રકાશ કરીને ત્રણ ભાઈઓ છે અને તેઓ ભેગા જ રહે છે. દરમિયાનમાં સુણાવ આંબાની ઓર મહીજીપુરા વિસ્તારમાં રહેતો રાજેશ ઉર્ફે લાલો ઉદેસિંહ પઢીયાર સાથે શૈલેષના ભાઈની પત્ની સાથે આડોસંબંધ બંધાયો હતો. આ મામલે રાજેશને ઠપકો આપ્યો હતો. જેમાં મહેશ સાથે બોલાચાલી થઈ હતી. જોકે, બાદમાં સંબંધ રાખ્યો નહતો. પરંતુ રાજેશ છેલ્લા કેટલાક સમયથી ઘર સામે આવેલા સુણાવ રોડ પર કાંસના ગરનાળા પર બેસી



રહેતો હતો અને ઘર સામે જોયા કરતો હતો. જેથી મહેશે અવાર નવાર તુ અહીંયા રાત્રીના મોડા સુધી કેમ બેસી રહે છે ? તેમ કહી રાજેશને ઠપકો આપ્યો હતો. આ ઘટના બાદ 25મીની રાત્રિના ઘરની પાછળ આવેલા ખેતરમાં આંબાના ઝાડ નીચે સુવા ગયો હતો. મધરાતે મહેશ ગાયને ખેતરમાંથી કાઢી કાંસના ગરનાળા તરફ ગાયને ભગાડવા માટે ગયો હતો અને થોડી વાર પછી મહેશે મોટા મોટાથી બુમ પાડવા લાગ્યો હતો.

આથી, શૈલેષ ચોંકી ગયો હતો અને તાત્કાલિક દોડ્યાં હતાં. તેઓએ બેટરી મારતાં મહેશ ચતો પાટ પડ્યો હતો અને તેની નજીકમાં સુણાવ ગામનો રાજેશ ઉર્ફે લાલો ઉદેસિંહ પઢીયાર હાથમાં લાકડાનો દંડો લઈને ઉભો હતો અને શૈલેષ આવતા તે ભાગી ગયો હતો. મહેશ રસ્તા પર પડ્યો હતો અને તેના માથામાં વાગેલુ હતું અને લોહી લુહાણ હાલતમાં હતો. જેથી તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયાં હતાં. પરંતુ ફરજ પરના ડોક્ટરે તેને મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. આ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે રાજેશ ઉર્ફે લાલો પઢીયાર સામે ગુનો નોંધી કલાકોમાં જ તેની ધરપકડ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, હત્યાનો ભોગ બનનાર મહેશના લગ્ન અગાઉ થયાં હતાં. પરંતુ પત્ની સાથે મનમેળ ન થતાં તેણે છુટાછેડા લઈ લીધાં હતાં. તે નિયમિત રીતે ઘરની પાછળ આંબાના ઝાડ નીચે સુતો હતો.

# આણંદમાં જમીન NA કરાવવા ભાઈએ બહેનને ધમકી આપી

**બહેનના ઘરે આવેલા** ભાઇએ અપશબ્દો બોલી સહી કરવા દબાણ કર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદ શહેરના ગર્વમેન્ટ ક્વાટર્સની સામે રહેતા મહિલાના સંયુક્તિ માલીકીની જમીનમાં ભાઈએ એનએ કરાવવા સહી કરવા જણાવ્યું હતું. પરંતુ બહેને ના પાડતા તેનો ભાઈ ઉશ્કેરાઈ ગયો હતો અને મારી નાંખવાની ધમકી આપી હતી.

આણંદ શહેરના સાંઈબાબા મંદિર રોડ પર મારૂતી કુંડલ સોસાયટીમાં રહેતા નિમિષાબહેન સુનિલભાઈ પટેલના પિતાજી નારણભાઈ કાળીદાસ પટેલની સદાનાપુરા ખાતે જમીન આવેલી છે. આ જમીનમાં તેમના ભાઈ પંકજ નારણભાઈ પટેલ તથા જતીન નારણભાઈ પટેલ પણ વારસદાર તરીકે છે. આ જમીન હાલમાં પંકજભાઈને એનએ કરાવી વેચાણ કરી દેવી હોવાથી તેઓ વાતચીત કરવા માટે 18મી એપ્રિલના રોજ સાંજના આશરે સાતેક વાગ્યાની આસપાસ નિમિષાબહેનના ઘરે આવ્યાં હતાં. આ સમયે ગામના અગ્રણી આગેવાન ચીમનભાઈ હરમાનભાઈ પટેલ પણ ઘરે આવ્યાં હતાં. પંકજભાઈએ સદાનાપુરા ખાતેની જમીન એનએ કરાવવાની વાત કરી હતી. જેથી નિમિષાબહેને હાલ એનએ કરાવી નથી. તેમ કહી સહી કરવાની ના પાડતાં પંકજ ઉશ્કેરાઈ ગયો હતો અને જોર જોરથીઅપશબ્દ બોલવા લાગ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, મારી મિલકતમાં તમારે નજર નાંખવી છે, તારે પોલીસ સ્ટેશનમાં કોર્ટમાં જ્યાં જવું હોય ત્યાં જજે, જો તું તથા તારો પતિ સદાનાપુરા ગામમાં આવશો. તો વાઢી નાંખીશ અને તારા છકરાને પણ નહીં છોડું. તેવા શબ્દો ઉચ્ચારી પંકજે નિમિષાબહેન અને તેમના પતિ સુનિલભાઈને મારી નાંખવાની ધમકી આપી નિકળી ગયો હતો.

આ ઉપરાંત સીધી રીતે સહી નાંખજો નહીં તો ગુંડાઓ લઈ તમારા હાથ પગ ભાંગી નાંખીશ. આ બાબતે કોઈ પોલીસ ફરિયાદ કરશો તો પોલીસ સ્ટેશનની અંદર પણ મારતા ખચકાઈશ નહીં. આ અંગે આણંદ શહેર પોલીસ મથકે નિમિષાબહેને ફરિયાદ આપતા પોલીસે પંકજ નારણ પટેલ (રહે. સદાનાપુરા, આણંદ) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સામરખામાં ATM તોડી રોકડની ચોરીની કોશિશ

**એટીએમ ન** તુટતાં કેમેરા અને ટ્યુબલાઇટને નુકશાન કરી નિકળી ગયાં

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદના સામરખા ગામમાં ત્રાટકેલા તસ્કરોએ એટીએમ મશીન તોડવાની કોશિષ કરી હતી. પરંતુ મશીન ન તુટતાં કેમેરા તેમજ ટ્યુબલાઈટને નુકશાન કરી ભાગી ગયાં હતાં. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધ્યો હતો.

આણંદના સામરખા ગામમાં રહેતા અને ફાયનાન્સનો ધંધો કરતાં ભાવિનકુમાર ભુપેન્દ્રભાઈ પટેલની ઓફિસના એક ભાગમાં એટીએમ મશીન આવેલું છે. જેમાં દૈનિક સરેરાશ છ લાખ રૂપિયાનું ટ્રાન્જેકશન થાય છે. દરમિયાનમાં 25મી એપ્રિલના રોજ સવારના આશરે દસેક વાગે જીગ્નેશભાઈ પટેલનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે, એટીએમ તુતેલું હતું. આથી, ભાવિનકુમાર સ્થળ પર પહોંચ્યાં હતાં. આ સમયે કેશ ડોરને નુકશાન થયું હતું. તસ્કરોએ ધારવાળા સાધનથી મશીનનો દરવાજો ખોલવાનો, તોડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ મશીનને ટચ સ્ક્રીનને નુકશાન થયું હતું.

આ ઉપરાંત કેમેરો તથા ટ્યુબલાઈટ તુટેલાં હતાં. આમ કોઈ શખ્સે ચોરી કરવાના ઈરાદાથી મશીન તોડવાનો પ્રયત્ન કર્યો હતો. આ અંગે સીસીટીવી કેમેરાની તપાસ કરતાં રાત્રિના 12-40ની આસપાસ ચોરી થયાનું જણાયું હતું. આ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી સીસીટીવી કેમેરાના ફુટેજ આધારે તસ્કરોની ભાળ મેળવવા ચક્રોગતિમાન કર્યાં છે. અચાનક એટીએમ તોડ સક્રિય થતાં પોલીસ ચોંકી ગઈ છે.

## આણંદમાં નરેન્દ્ર મોદીની સભા માટે પુરજોશમાં તૈયારી શરૂ



આણંદમાં આગામી સાતમીએ યોજાનાર મતદાનના પાંચ દિવસ પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી સભા માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. 2જી મે ગુરૂવારના રોજ વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાનમાં ચરોતરની આણંદ અને ખેડા લોકસભા બેઠકની સંયુક્ત જનસભાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંબોધન કરનાર છે. આણંદ - ખેડા લોકસભા સહિત સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં 25 બેઠકો માટે આગામી તારીખ 7મી મે ના રોજ મતદાન યોજાનાર છે. મતદાનના આડે હવે માત્ર દસેક દિવસ જ બાકી રહ્યાં હોવાથી તમામ ઉમેદવારોએ પ્રચાર-પ્રસાર વેગવંતો કર્યો છે. આગામી તારીખ 2જી મે ના રોજ એટલે કે, મતદાનના પાંચ દિવસ પૂર્વે વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાનમાં ખેડા અને આણંદ લોકસભા બેઠક માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંયુક્ત જનસભા સંબોધશે. આણંદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જનસભા માટે ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સભામાં બન્ને જિલ્લાના લોકો હાજર રહેશે. જેને લઇ સુરક્ષા વ્યવસ્થા પણ કડક કરવામાં આવી છે. - **તસ્વીર : ફ્રાન્સીસ મેકવાન**

# પેટલાદમાંવેપારીએટ્રાફિક પોલીસને ધમકી આપી

**રસ્તા વચ્ચે જ** એક્ટિવા ઉભુ રાખી કાર ચાલક સાથે વાત કરતો હતો તે સમયે દૂર જવા કહેતા ઉશ્કેરાયો

(પ્રતિનિધિ) પેટલાદ તા.26

પેટલાદ શહેરમાં ટ્રાફિકથી ભરચક રેલવે ફાટક પાસે રસ્તા વચ્ચે જ એક્ટિવા ઉભુ રાખી વેપારીએ કાર ચાલક સાથે વાતચીત શરૂ કરી દીધી હતી. આથી, ફરજ પરના ટ્રાફિક જવાને તેમને દુર જવાનું કહેતા વેપારી ઉશ્કેરાઈ ગયો હતો અને વર્દી તેમજ પટ્ટા ઉતરાવી દેવાની ધમકી આપી હતી. આ અંગે ટ્રાફિક પોલીસે ફરિયાદ આપતા પોલીસે વેપારી સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

પેટલાદ ટાઉન પોલીસના હેડ કોન્સ્ટેબલ જીગ્નેસસિંહ બળવંતસિંહ 25મી એપ્રિલના રોજ ટીમ સાથે રેલવે ફાટક પાસે ટ્રાફિક નિયમ કરતાં હતાં. દરમિયાનમાં સવારે દસેક વાગ્યાની આસપાસ પેટલાદ બસ સ્ટેન્ડ પાસે વાહનોને લાઈનમાં રાખી ટ્રાફિક નિયમ કરાવતા સમયે એક્ટિવા નં.જીજે 23 બીએમ 5605નો ચાલક અને તેની પાછળ બેઠેલો શખ્સ રસ્તા વચ્ચે જ વાહન ઉભુ રાખી એક કાર ચાલક સાથે વાતચીત કરતાં હતાં. આથી, એક્ટીવા ચાલકને હાલ ટ્રાફિક બહુ છે, જેથી તમે તમારુ એક્ટીવા રસ્તાની સાઈડમાં લઈ લો અથવા રેલવે ફાટક પસાર કરી આગળ જઈ તમારે જે વાતચીત કરવાની હોય તે કરો તેવું કહેતાં, એક્ટિવા પાછળ બેઠેલો શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો અને મારૂ નામ જયકિશન ગુલાબરાય પારપ્યારી છે. તમે મને ઓળખતા નથી. તેમ કહી પોલીસ તથા ટીઆરબી, હોમગાર્ડના કર્મચારીને ધમકાવતા જણાવ્યું હતું કે, તમારા વીડીયો ફેસબુકમાં વાયરલ કરીને તમારી વર્દી તેમજ પટ્ટા ઉતરાવી દેતા મને વાર નહીં લાગે. તેમ કહી અસભ્ય વર્તન કરવા લાગ્યો હતો. આખરે આ અંગે હેડ કોન્સ્ટેબલ જીગ્નેસસિંહે પેટલાદ શહેર પોલીસ મથકે જયકિશન ગુલાબરાય પારપ્યારી સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી સબજેલમાં મોકલી આપ્યો હતો.

આણંદ રેલવે પોલીસ કોન્સ્ટેબલની હરકતથી તાત્કાલીક સસ્પેન્ડ કરાયો

# આણંદ રેલવે પોલીસના જવાને યુવતી સામે અશ્લીલ હરકત કરી

**વડોદરાથી ટ્રેનમાં** ચડેલા પોલીસ કર્મીની હરકતથી યુવતીએ આરપીએફના હવાલે કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.26

આણંદ રેલવે પોલીસના જવાને વડોદરાથી ઓનડ્યુટી ટ્રેનમાં પેટ્રોલીંગ સમયે એક યુવતીની બાજુની સીટમાં બેસી અશ્લીલ હરકત કરી હતી. આ અંગે યુવતીએ અન્ય મુસાફરોની મદદથી તેને આરપીએફના હવાલે કર્યો હતો અને પોલીસ મથકે ફરિયાદ આપી હતી.

વડોદરાની ખાનગી કંપનીમાં એચઆર તરીકે ફરજ બજાતી યુવતી તેના સહકર્મચારીઓ સાથે 25મી એપ્રિલના રોજ અમદાવાદ જવા નિકળ્યાં હતાં. તેઓએ ગુજરાત ક્વીન એક્સપ્રેસ ટ્રેનમાં રિઝર્વેશન લીધું હતું અને તેમની સીટ પર બેઠાં હતાં. ટ્રેન ઉપડવાના થોડા સમયમાં જ પોલીસ યુનિફોર્મમાં એક જવાન યુવતી પાસે આવ્યો હતો અને યુવતીની બાજુમાં એક શીટ છોડી બીજી સીટમાં બેઠો હતો. શરૂઆતમાં યુવતીએ તેના તરફ ખ્યાન ધ્યાન આપ્યું નહતું અને કંપનીના કામને લઈ લેપટોપ શરૂ કર્યું હતું. પરંતુ યુવતીની નજર અચાનક જ પોલીસ જવાન પર પડી હતી. આ સમયે પોલીસ જવાન યુનિફોર્મમાં હોવા છતાં સાઈડ બેગની આડસમાં અશ્લીલ હરકત કરવા લાગ્યો હતો. આ દ્રશ્ય જોઈ યુવતી ડઘાઈ ગઈ હતી અને તુરંત પોલીસ જવાનનો ઉધડો લીધો હતો. આથી, અન્ય મુસાફરો પણ દોડી આવ્યાં હતાં.

આ સમયે ગભરાયેલો પોલીસ જવાન દોડી બાથરૂમમાં જતો રહ્યો હતો. આ ગાળા દરમિયાન યુવતીએ તુરંત સાથી કર્મચારીને દોડાવીને કોચ મેનેજરને શોધી કાઢી ફરિયાદ કરી હતી. આ ઉપરાંત હેલ્પ લાઈન પર પણ જાણ કરી હતી. આથી, આણંદ સ્ટેશન પર આરપીએફની ટીમ આવી ગઈ હતી. જોકે, પોલીસે જાહેરમાં માફી માંગી હતી. પરંતુ તેને આરપીએફના હવાલે કરવામાં આવ્યો હતો. આ અંગે યુવતીએ રેલવે પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી પોલીસ જવાની ધરપકડ કરી હતી અને પુછપરછ કરતાં તે કોન્સ્ટેબલ વિનોદકુમાર હોવાનું જણાવ્યું હતું અને તે આણંદ રેલવે પોલીસનો જ કર્મચારી હોવાનું ખુલ્યું હતું. આ અંગે રેલવે પોલીસ વડાને રિપોર્ટ કરતાં તેણે તાત્કાલીક અસરથી કોન્સ્ટેબલ વિનોદકુમારને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો.

## ખેડામાં રાષ્ટ્રીય પક્ષી મોરને વીજ કરંટ લાગતાં ઘાયલ, યુવાનો હોસ્પિટલ લઇ ગયાં



ખેડાના મહેમદાવાદ રોડ પર આવેલી મંગલ પાર્ક સોસાયટીમાં રાષ્ટ્રીય પક્ષી મોરને વીજ શોક લાગતા તે બેભાન થઇ ગયો હતો. આ દ્રશ્ય નિહાળી સ્થાનિક યુવાનોએ તાત્કાલિક પશુ દવાખાને પહોંચાડ્યો હતો. જ્યાં ડોક્ટર દ્વારા તપાસ કરી જરૂરી સારવાર કરવામાં આવી હતી. આ અંગે ડોક્ટરના મતે થોડા સમય બાદ તેને સારુ થઇ જશે. હાલ વન વિભાગની મદદથી મોરને ખેડા કેમ્પ ખાતે ફોરેસ્ટ ખાતાની નર્સરીમાં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ અને ખેડા જિલ્લામાં મોટી સંખ્યામાં રાષ્ટ્રીય મોર જોવા મળે છે. - **તસવીર : પ્રગ્નેશ ભાવસાર**

# ખંભાતમાં કોલેજના વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ માટે બે હજાર જેટલાં પોસ્ટકાર્ડ લખ્યાં

**એમકોમના** વિદ્યાર્થીઓએ મતદાન જાગૃતિ માટે અનોખું અભિયાન હાથ ધર્યું

(પ્રતિનિધિ) ખંભાત તા.26

ખંભાતની કોલેજ કેમ્પસમાં આવેલી શરદકુમાર હાંસોટી અને મંજુલાબેન હાંસોટી વાણિજ્ય અનુસ્નાતક (એમકોમ)ની વિદ્યાર્થીનીઓએ આચાર્ય ડો.વશિષ્ઠધર દ્વિવેદી અને વિભાગીય વડા ડો. હસન રાણાના માર્ગદર્શન હેઠળ આવનારી લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિ અભિયાન 'મારો મત ...મારી સરકાર' થીમ હેઠળ બે હજાર પોસ્ટકાર્ડ લખી મતદાન લોકજાગૃતિ કેળવવા માટે અનોખો અભિયાન હાથ



ધરાયું હતું.

આ પ્રસંગે સંસ્થાના સેક્રેટરી ડૉ.બંકિમચંદ્ર વ્યાસે જણાવ્યું હતું કે, મતદાનએ ફરજિયાત નથી. પરંતુ તમારી પવિત્ર ફરજ છે. આજના સોશિયલ મીડિયા અને 5G ના જમાનામાં આ રીતે જાગૃતિ અભિયાન એ નવીન પ્રયોગ ગણાય. જ્યારે ટપાલી કોઈ પત્ર લઈ આવે છે ત્યારે આખો પરિવાર એ પત્ર તરફ ધ્યાન કરતો હોય છે.ભારત દેશે સ્વતંત્રતા મેળવવા અનેક વીરોના બલિદાન આપ્યાં છે. આ આઝાદીનું રક્ષણ એટલે મતદાન.વધુમાં જણાવ્યું હતું કે, પરિવારમાં કોઈ પ્રસંગ હોય ત્યારે દરેક સભ્યનો મત પૂછવામાં આવે છે.તેવી જ રીતે ચૂંટણી એ રાષ્ટ્રીય પર્વ છે અને આપણે બધા પરિવારના સભ્યો હોય આપની ઈચ્છા અનુસાર મતદાન અવશ્ય કરવું.

આ કોલેજના આચાર્ય ડો. વશિષ્ઠધર દ્વિવેદીએ જણાવ્યું હતું, જ્યારે આપણે બજારમાં શાકભાજી કે કરિયાણું ખરીદવા જઈએ છીએ. આ વસ્તુના દરેક ગુણો જોઈએ છીએ ત્યારે ચૂંટણી સમયે પણ ઉમેદવાર પસંદ કરતા પહેલા આ બધી બાબતો ધ્યાન ઉપર લઈને મતદાન કરવું જોઈએ.

વધુમાં વિદ્યાર્થી કીર્તન પટેલે જણાવ્યું હતું કે, કોલેજમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓને 20 પોસ્ટકાર્ડ આપ્યા હતા. જે તેમને સરનામા લખી અને જરૂરી માહિતી લખીને પરત કર્યા હતા. આમ 100 જેટલા વિદ્યાર્થીઓ પોતાના અમદાવાદ, સાબરકાંઠા, વડોદરા અને જુદા જુદા ગ્રામીણ વિસ્તારમાં રહેતા પોતાના સગા સંબંધીઓને પોસ્ટકાર્ડ લખીને મતદાન માટે જાગૃત કરશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

વહેલી સવારે આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
કિશોર પ્લાઝા, આણંદ.
સંપર્ક : 9824545365

**નડિયાદ**
**ઈશાન ન્યૂઝ પેપર એજન્સી**
સાગર ભુવન, ભારત બેકરી સામે, ડભાણ ભાગોળ,
સંપર્ક : 9924487199

## જાહેર ચેતવણી

**આથી જાહેર ચેતવણી આપીને જણાવવાનું કે શ્રી શ્વેતામ્બર મુર્તિ પૂજક જૈન સંઘનાઓ દ્વારા આણંદ જીટોડીયા રોડ ઉપર આવેલ સ.નં. 1234/01 તથા 1234/02માં બાંધકામ કરવા સારૂ શિલા સ્થાપન કરવાની તૈયારીઓ કરી રહેલા છે જે તદ્દન ગેરકાયદેસર છે. અને મૂળ માલિકો પૈકી સ.નં. 1234/01ના માલિક મૌલિક અશોકકુમારનાઓ દ્વારા પોતાની જમીનનાં ખુંટનું વર્ણન બદલી નાંખી બોગસ નકક્ષાઓ સરકારી તંત્રને હાથ ઉપર લઈને બનાવેલ છે. આ સંજોગોમાં આણંદના મે. પ્રિન્સીપાલ જજ સીનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે. મુ.નંબર 120/24 દાખલ કરેલ છે.સદર હું એન.એ.ની પ્રક્રિયાપણ ગેરકાયદેસર થયેલ હોય તે વિરૂદ્ધ મે. સ્પે. સેક્રેટરી રેવન્યુ ડીપાર્ટમેન્ટ સમક્ષ પણ તકરારો ઉઠાવેલી છે આ સંજોગોમાં કોઈપણ વ્યક્તિ દ્વારા સદર હું જમીનમાં કોઈપણ જાતનું કૃત્ય કરશે તો ફોજદારી ગુનાને પાત્ર થશે.**

**મારી મારફતે : જયેશ જી. તલાટી (એડવોકેટ)**
13, ત્રિનાથ સોસાયટી, ત્રીલોક સોસાયટી પીજ રોડ, નડિયાદ